નહેરૂ કોલોની પો.સ્ટે., જી-દેહરાદુન, રાજ્ય-ઉત્તરાખંડ વિસ્તારની અપહૃત થયેલ બાળકીને ગણતરીના
કલાકોમાં શોધી કાઢતી અમરોલી પોલીસ, સુરત શહેર.

ઉતરાખંડ રાજ્ય, નહેરૂ કોલોની પો.સ્ટે., FIR. No. ૦૩૧૫/૨૦૨૧ ઈ.પી.કો. કલમ ૩૬૩ મુજબનો ગુનો તા.૦૫/૦૮/૨૦૨૧ ના રોજ નહેરૂ કોલોની પોલીસ સ્ટેશન, જી-દહેરાદુન, રાજ્ય-ઉત્તરાખંડમાં નોંધાયેલ છે સદર ગુન્હાના કામે હકીકત એવી રીતેની છે કે, આ કામના ફરીયાદી શ્રી ગોપાલચંદ રહેવાસી I-૨૬૮, નહેરૂ કોલોની, ઉત્તરાખંડ, નાઓની બાળકી ઉ.વ.૧૫ ની ગઈ તા.૦૪/૦૮/૨૦૨૧ ના આઠેક વાગ્યાના સુમારે ઘરેથી સ્કુલ જવા માટે નિકળેલ, સમયસર ઘરે પરત નહિ આવતા, તેની શોધખોળ કરવા છતા મળી આવેલ ના હોય જેથી આ બાબતે ઉપરોક્ત નંબરથી ગુનો નોંધાયેલ.

જે ઉપરોક્ત બનાવ બાબતે અત્રેના અમરોલી પોલીસ સ્ટેશન ખાતે નહેરૂ કોલોની પોલીસ સ્ટેશન, જી-દહેરાદુન, રાજ્ય-ઉત્તરાખંડ તરફથી ગુમ થયેલ બાળકીનુ લોકેશન અમરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતુ હોવાની ટેલીફોનીક વર્ધી આવતા સદર ગુનાની ગંભીરતાથી નોંધ લઈ આર.પી.સોલંકી, પોલીસ ઈન્સ્પેક્ટર નાઓએ સ્ટાફના માણસોને સદર ગુના બાબતે માહીતગાર કરી બાળકીની તપાસમાં રહેવા સુચના કરતા, સુચના આધારે પો.સ.ઈ. એમ.જી.રાઠોડ તથા પો.સ.ઈ. વી.એ.ડોડીયા તથા અ.હે.કો. જીતેન્દ્રસિંહ પ્રવિણસિંહ તથા અ.પો.કો. કિરીટ રસીકભાઈ નાઓએ ટેક્નીકલ વર્કાઉટ કરી, લોકેશન વાળી જગ્યાની આસપાસના માણસોની પુછપરછ કરી, ગુમ થનાર બાળકી અંગે સાંકળતી તમામ કડીઓ મેળવી, નહેરૂ કોલોની પો.સ્ટે., FIR. No. ૦૩૧૫/૨૦૨૧ ઈ.પી.કો. કલમ ૩૬૩ મુજબના ગુનાના કામે અપહૃત બાળકીને શોધી કાઢી, ગુનાનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી પ્રસંશનીય કામગીરી કરેલ છે..